# બ્લિથકોર્ન-૧૫ના રંગે રંગાયું આઇઆઇટી

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી), ગાંધીનગરનો સૌથી મોટો કલ્ચરલ ફેસ્ટિવલ બ્લિથકોર્ન ૨૦૧૫નો રંગારંગ પ્રારંભ કેમ્પસ ખાતે કરાયો છે. બ્લિથકોર્ન ૨૦૧૫માં એનઆઇડી, પીડીપીયુ, સેપ્ટ, નિફ્ટ, નિરમા જેવી કોલેજના ૧૦ હજાર જેટલા સ્ટુડન્ટસે અલગ અલગ ઇવેન્ટમાં પાર્ટિસિપેટ કર્યું છે.

આઇઆઇટી ગાંધીનગરની આ કલ્ચરલ ઇવેન્ટમાં ટેક્નોલોજી, ક્રિએટિવિટી અને નોલેજની ટક્કર જામે છે. જેમાં જોબ લેસ ઇવેન્ટમાં લોકોમાં અનોખુ આકર્ષણ જમાવ્યું હતુ. જેમાં સ્ટુડન્ટસને પર્સનલ ઇન્ટરવ્યૂ જજીસ સામે આપીને પોતાનું ટેલેન્ટ બતાવવાનું હોય છે. જેમં આ વખતે ૨૦ જેટલી ગર્લે ફર્સ્ટ ટાઇમ પાર્ટિસિપેટ કર્યું હતું.

આ સાથે આ ઇવેન્ટમાં સોલો સિંગિંગ કમ્પિટિશન, ટ્રેઝર હન્ટ, ડાન્સ કમ્પિટિશન, રોબો સુમો, રેસ, કબડ્ડી જેવી ગેમ્સમાં સ્ટુડન્ટસ વચ્ચે ખરાખરીની સ્પર્ધા જોવા મળી.

અમદાવાદમાં બ્લિથકોર્ન ઇવેન્ટ દરેક પ્રિમિયર ઇન્સ્ટિટ્યૂટ અને કોલેજ માટે ટેલેન્ટને એક્સપોઝ કરવાનું સ્ટેજ પૂરુ પાડે છે. જેમાં સ્ટુડન્ટસ પોતાની ક્રિએટિવ આઇડીયાને રિ- પ્રેઝન્ટ કરે છે.


